## અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઓનલાઈન હાજરી અંગે

# શિક્ષકોની ઓનલાઈન હાજરીથી દૂર રહેલી ૧૯ શાળા અને બાળકો અંગે ૨૭ શાળાને નોટિસ

મોડાસા, તા. ૨૭

ભૂતિયા વિદ્યાર્થીઓની માયાજાળ અને અનિયમિત અને ગુલ્લીબાજ શિક્ષકો સબક શીખવાડવા અને કથળતા પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધારવા માટે સરકારે તમામ પ્રાથમિક શાળાઓમાં ઓનલાઈન બાળકો અને શિક્ષકોની હાજરીની પ્રથા નવા શૈક્ષણિક સત્રથી દાખલ કરવામાં આવી છે. ત્યારે અરવલ્લી જીલ્લાના વિકાસથી વંચિત અંતરિયાળ વિસ્તારોમાં મોબાઈલ કે ઈન્ટરનેટની સુવિધાનો અભાવ અને ચાલુ શાળાએ મોબાઈલ વાપરવા પર મુકેલ પ્રતિબંધથી ભારે અસમંજસની સ્થિતિ પેદા થતા શિક્ષકોમાં રાજ્ય સરકારના શિક્ષણ સુધારાના નિતનવા પરિપત્રો સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. જીલ્લા શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્ર વોટ્સએપ્પ પર મુખ્ય શિક્ષકોને મોકલી આપતા સાયબર કાફેમાં જઈ તેમના ખિસ્સાના રૂપિયા આપવા પડી રહ્યા છે.

અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડૉ. એ.કે. મોઢ પટેલે ઓનલાઈન શિક્ષકોની હાજરી નહિ ઉપલોડ કરનાર ભિલોડા તાલુકાની-૫, માલપુર-૧૨, મેઘરજ-૨ મળી જીલ્લાની કુલ-૧૯ શાળાઓ અને બાળકોની હાજરી પુરવામાં બેદરકારી દાખવનાર મોડાસા તાલુકાની-૧, બાયડ-૪, ભિલોડા-૬, માલપુર-૭, મેઘરજની-૯ પ્રાથિમક શાળાઓને નોટિસ ફટકારી ૨૬-૧૧-૨૦૧૮ ના રોજ શિક્ષકો અને બાળકોની હાજરી ઓનલાઈન ઉપલોડ નથી કરી તો કયા કારણોસર કરી નથી તે અંગેનો જવાબ દિવસ-૩ માં જેતે ટી.પી.ઓ.ના રીમાર્કસ સહ મોકલી આપવાની તાકીદ કરી હતી અન્યથા આપણી સમક્ષ ધોરણસરની કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી હતી. તદઉપરાંત સી.આર.સી.એ મોનીટરીંગ અંગે નિષ્કાળજી દાખવેલ હોય તો બી.આર.સી. મારફતે ખુલાસો મોકલી આપવાની નોટિસથી સમગ્ર જીલ્લાના પ્રાથમિક શિક્ષકોમાં હડકમ્પ મચ્યો છે.

અરવલ્લી જીલ્લામાં ધોરણ-૧ થી ૫ સુધીના વર્ગો ધરાવતી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર કે ઓનલાઈન હાજરી પુરવા માટે કોઈ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા જે એપ્લીકશન બનાવવામાં આવી છે તે માટે પ્રાથમિક શિક્ષકોને કોઈ પણ જાતની તાલીમ પણ આપવામાં આવી નથી. વારંવાર સર્વાર ડાઉન રહેવાની સાથે મોબાઈલ પર પ્રતિબંધ સહીત અનેક દુવિધાઓના પગલે શિક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# મોંઘવારી અને બેકારીએ યુવાનોની ઘોર ખોદી છે : કોંગ્રેસ

## હિંમતનગર ખાતે કોંગ્રેસ દ્વારા યોજાયેલ સ્નેહ સંમેલનમાં ભાજપ પર આકરા પ્રહારો

હિંમતનગર, તા. ૨૭

લોકસભાની ચૂંટણીને આડે હજુ તો ખાસ્સા મહિના બાકી હોવા દેખાઈ રહ્યુ છે. દરમિયાન મંગળવારે હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ હતો.

હિંમતનગરના સ્વામીનારાયણ મંદિરના હોલમાં યોજાયેલ સ્નેહ અને ડીઝલના ભાવ કાબુમાં રાખ્યા હતા તો બીજી તરફ ચાર વર્ષથી કેન્દ્રની ભાજપ સરકારે આંતર રાષ્ટ્રીય કાર્યકરોને અત્યારથી જ લોકસભાની ચૂંટણીના કામે લાગી જવા અનુરોધ કરાયો હતો. આ સ્નેહ સંમેલનમાં




તસવીર : મગનજી વણઝારા



છતા ભાજપ અને કોંગ્રેસ દ્વારા ચૂંટણી જીતવા માટે કાર્યકરોને રીચાર્જ કરવાના આશયથી એકબીજા પર આક્ષેપ પ્રતિઆક્ષેપ કરવાની હરીફાઈ ચાલી રહી હોય તેમ પ્રેરીત યોજાયેલા સ્નેહ સંમેલનમાં કાર્યકરોને મોંઘવારી તથા ડીઝલ અને પેટ્રોલમાં કેન્દ્ર સરકારે કરેલા વધારાને આડે હાથ લઈ કાર્યકરોને કામે લાગી જવા અનુરોધ કરાયો 'સમેલનમાં બોલતા પ્રદેશ પ્રમુખ અમીતભાઈ ચાવડા તથા જિલ્લાના અગ્રણીઓએ કાર્યકરો સમક્ષ જણાવ્યુ હતુ કે અગાઉ જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે સબસીડી આપીને પેટ્રોલ બજારમાં ક્રુડના ભાવ ઓછા હોવા છતાં ભારતના તેના ભાવ આસમાને છે.

તો બીજી તરફ યુવા બેરોજગારી મુદ્દે પણ આક્ષેપ કરીને ભાજપને આડે હાથ લઈને કોંગ્રેસના પૂર્વ સાંસદ મધુસુદન મિસ્ત્રી અને વિધાનસભા વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી હાજર નહી રહેતા કેટલાક કાર્યકરોમાં તે અંગે અનેકવિધ ચર્ચાઓ શરૂ થઈ હતી.

## મોડાસા ખાતે પતંજલિ યોગ સમિતિ દ્વારા નિ:શુલ્ક યોગ શિબિર યોજાઈ

મોડાસા, તા. ૨૭

મોડાસા નગરમાં પરમ પૂજય સ્વામી રામદેવજી મહારાજની પ્રેરણાથી પતંજલિ યોગ આવે છે વહેલી સવારે ૫ ૩૦ થી ૭ ૩૦ દરમિયાન કાર્યરત હોય છે. મોડાસાનગર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી જેનો લાભ



સમિતિ તથા સ્વાભિમાન ટ્રસ્ટ અરવલ્લી દ્વારા નિશુલ્ક યોગ શિબિર ઉમિયા મંદિરના ચોગાનમાં ૨૫ નવેમ્બરથી ૨૮ નવેમ્બર સુધી ગુજરાત રાજય પ્રભારી શિશુપાલજીના સાનિધ્યમાં યોજાઈ છે. યોગ રોજ કરો નિયમિત કરો સ્વસ્થ બનો આ સૂત્ર તેઓએ આપ્યુ હતુ. ડાયાબિટીસ બ્લડ પ્રેસર મોટાપા તેમજ તમામ રોગોના યોગથી સમાધાન અંગે વિસ્તૃત જાણકારી અને તેના લગતા યોગ અને આસનો કસરત કરાવવામાં મોટી સંખ્યામાં લોકો લઈ રહ્યા છે. સ્વાસ્થ્ય જાગૃતિ માટે લોકો નિયમિત આવે છે આ શિબિરને મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષભાઈ શાહ, પૂર્વ પ્રમુખ માર્કેટયાર્ડના ચંદુભાઈ પટેલ દીપ પ્રગટાવી ખુલ્લી મૂકી હતી. આ શિબિરને સફળ બનાવવા માટે પતંજલિ યોગ સમિતિના રોહિતભાઈ પ્રજાપતિ, જગદીશભાઈ ભાવસાર, ભરતભાઈ પટેલ અને દિપ્તીબેન ઉપાધ્યાય સારી એવી જહેમત ઉઠાવી રહ્યા છે.

# બુટલેગરો બેફામ : હિંમતનગર અને ઈડર નજીકથી ૧.૧૬ લાખનો બિયરનો જથ્થો પકડાયો

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના માર્ગોનો ઉપયોગ કરીને કેટલાક બુટલેગરો પાસ પરમીટ વિના દારૂ અને બિયરનો જથ્થો લઈને જઈ રહ્યા છે ત્યારે સાબરકાંઠા એલસીબીએ ત્રણ દિવસમાં હિંમતનગર અને ઈડર નજીકથી બાતમીને આધારે બે વાહનોમાં ભરી લઈ જવાતો રૂ. ૧.૧૧૬ લાખનો બિયરનો જથ્થો ઝડપી લઈ ત્રણ જણાની અટકાયત કરી મુદ્દામાલ કબજે લીધો હતો.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શામળાજીથી ગાંભોઈ થઈ હિંમતનગર તરફ સ્કોડા રેપીડ નામની કારમાં કેટલાક લોકો વિદેશી દારૂનો જથ્થો લઈ આવી રહ્યા છે તે આધારે એલસીબીએ સોમવારે રાત્રે હિંમતનગરના કાંકણોલ નજીક નાકાબંધી કરીને વાહનોનું ચેકીંગ હાથ ધર્યુ હતુ. દરમિયાન શામળાજી તરફથી આવી રહેલ સ્કોડા કાર નં. જીજે.૦૧.આરબી.૨૬૯૩ને ઉભી રાખવાનો પ્રયાસ કરતા કારનો ચાલક કૃણાલ રાજેશભાઈ પરમાર (રહે. છારાનગર, અમદાવાદ)એ કારને હંકારી મુકતા પોલીસે તેનો પીછો કરી આ કારને સહકારી જીન વિસ્તારમાં આવેલ મોઢ પટેલ સમાજવાડી નજીકથી પકડી લીધી હતી. ત્યારબાદ પોલીસે તેમાં તપાસ કરતા પાસ પરમિટ વિનાના બિયરના રૂ. ૩૬ હજારની કિંમતના ૩૬૦ ટીન મળી આવ્યા હતા. ત્યારબાદ પોલીસે બિયર તથા કાર મળી રૂ. ૪.૩૬ લાખનો મુદ્દામાલ કબજે લઈ કારચાલક કૃણાલ પરમાર વિરૂદ્ધ હિંમતનગર એ ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

તેજ પ્રમાણે એલસીબીએ બાતમીને આધારે બે દિવસ અગાઉ તા. ૨૫ નવેમ્બરના રોજ ઈડર-વડાલી રોડ પર આવેલ વોલ્વો હોટલ નજીકથી ફોર્ડ ફીએસ્ટા કાર નં. જીજે.૦૧.એચકે.૩૦૩૪ માંથી પાસ પરમિટ વિનાની રૂ. ૮૦,૪૦૦ની કિંમતના બિયરના ૨૦૪ ટીન ઝડપી લીધા હતા. ત્યારબાદ ગાડીના ચાલક સલમાનમીયા સાજીદમીયા ખોખર તથા તેની સાથે આવેલા કમરૂદ્દીન સાજીદભાઈ શેખ (બંને રહે. ફતેવાડી, અમદાવાદ)ની અટકાયત કરી કુલ રૂ. ૨.૮૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે લઈ તેમની વિરૂદ્ધ સોમવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## મોડાસા જીઆઈડીસી ખાતે રોડ પર કેમિકલ ઢોળાતા ગલુડિયું દાઝી જતા જીવદયાપ્રેમીઓએ બચાવ્યું

મોડાસા, તા. ૨૭

મોડાસા શામળાજી રોડ પર આવેલી જીઆઈડીસીમાં ચાની કીટલી ચલાવતા યુવાને કીટલી ચલાવતા યુવકે જીવદયાપ્રેમી નિલેશભાઈ જોશીને સમગ્ર માહિતીની જાણ કરતા એનિમલ




હફસાબાદ ગામે કુતરી ગલૂડિયાને જન્મ આપ્યા બાદ અગમ્યકારણોસર મોતને ભેટતા ગલૂડિયાને જીઆઈડીસી ચાની કીટલી પર લાવી પાળ્યા હતા. ત્યારે જીઆઈડીસીમાં કોઈ અજાણ્યા શખ્સે જલદ પ્રવાહી રોડ પર નાખતા ગલુડિયું બંને પગે ગંભીર રીતે દાઝી જતા હેલ્પલાઈન કરુણા એમ્બ્યુલન્સના તબીબે મારુતિ કોમ્પ્લેક્ષ ખાતે સઘન સારવાર આપી વિસ દિવસની સારવાર બાદ ગલુડિયું દોડતું થઈ જશે જણાવ્યું હતું. જીઆઈડીસીમાં ખુલ્લામાં જલદ પ્રવાહી ઢોળનાર શખ્સ સામે લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો.

# સાબરકાંઠામાં આજથી શાળા આરોગ્ય ચકાસણી સપ્તાહનો પ્રારંભ

હિંમતનગર, તા. ૨૭

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી ૧૮ વર્ષથી નીચેના તથા શાળામાં ભણતા હોય કે ન ભણતા હોય તેવા બાળકોના આરોગ્યની ચકાસણી કરવા માટે કરોડો રૂપીયાનો ખર્ચ કરાય છે. ત્યારે આ વર્ષે પણ આ કાર્યક્રમના ભાગરૂપે મંગળવારે જિલ્લા આરોગ્ય વિભાગના ઉપક્રમે કૃષિમંત્રીની ઉપસ્થિતિમાં હિંમતનગરથી તેનો પ્રારંભ કરાયો છે. કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે જિલ્લામાં ૪,૧૧,૯૬૨થી વધુ બાળકોના આરોગ્યનીતપાસ કરાશે જેના માટે અંદાજે ૧૬,૫૯૮ આરોગ્ય કર્મચારીઓ તથા વિવિધ રોગના નિષ્ણાત તબિબો સેવા આપશે.

આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં ચાલનારા પાંચ દિવસીય આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં જિલ્લામાં આવેલી ૨૦૦૭ આંગણવાડીમાં ભણતા અંદાજે ૧,૧૧૮,૦૫૪ બાળકો તથા જિલ્લાની ૧૫૪૯ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ૨,૦૯,૯૪૬ વિદ્યાર્થીઓ, ૨૯૨ માધ્યમિક શાળાઓના ૬૫,૩૧૪ વિદ્યાર્થીઓ અને ૬૧ અન્ય સંસ્થાઓમાં ભણતા ૭૪૨૮ બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવશે.

તેજ પ્રમાણે શાળાએ ન જતા એવા જિલ્લાના વિવિધ ગામડાઓ તથા શહેરી વિસ્તારોમાં રહેતા ૧૧,૨૨૦ બાળકોના પણ આરોગ્યની ચકાસણી કરવાનું આયોજન આરોગ્ય વિભાગ દ્વારા કરાયુ છે. આ કામગીરીમાં ૧૯૩ ડોક્ટર્સ તથા પેરામેડીકલ અને અન્ય સ્ટાફ મળી ૧૬,૫૯૮નો સ્ટાફ પાંચ દિવસ સુધી કામગીરી કરશે સાથોસાથ ઈન્ડીયન મેડીકલ એસોસીએશન સંઘઠનના તબિબો પણ સેવા આપશે.

આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં બાળકોના આરોગ્યની કેવી રીતે ચકાસણી કરવામાં આવશે તે અંગે સ્ટાફને સેટકોમના માધ્યમથી તાલુકા તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જરૂરી તાલીમ આપી દેવાઈ છે.

ઉલ્લેખનીય છે કે આરોગ્ય ચકાસણી સપ્તાહ દરમિયાન તમામ બાળકોની સ્થળ પર તપાસ કરી તે અંગે જે તે બાળકના વાલીને તેની તંદુરસ્તી અથવા તો તે બાળકમાં ઉણપ કે રોગ હોય તો તેના માટે સરકાર દ્વારા વિના મુલ્યે સારવાર કરાવવાનું પણ નક્કી કરાયુ છે. આ સંદર્ભસેવા પણ આરોગ્ય સપ્તાહની ઉજવણી બાદ તરત જ ચાલુ કરાશે. આરોગ્ય સપ્તાહના પ્રારંભ પ્રસંગે મંગળવારે હિંમતનગરની હિંમત હાઈસ્કૂલમાં કૃષિમંત્રી આર.સી. ફળદુની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

### ૨૩૯ બાળકોને હૃદયની બિમારી હતી

ગત વર્ષે ચકાસણી દરમિયાન જે ૨૪૭૬ બાળકોને સંદર્ભ સેવા આપવી પડી હતી તે પૈકી ૨૩૯ બાળકોને હૃદયની બિમારી હતી ઉપરાંત કિડનીની બિમારીથી ૬૫ અને ૩૧ બાળકોને કેન્સરની સારવાર અપાઈ હતી તથા ૩૦૫૨ બાળકોની દ્દષ્ટી નબળી હોવાથ મફત ચશ્મા અપાયા હતા.

### ગત વર્ષે કેટલા બાળકોની ચકાસણી કરાઈ

શાળા આરોગ્ય ચકાસણી વર્ષ ૧૭માં અંદાજે ૩,૮૭,૭૨૦થી વધુ બાળકોના આરોગ્યની તપાસ કરાઈ હતી જેમાં ૬૭,૬૮૨થી વધુ બાળકોને તબિબોએ સ્થળ પર તપાસ કરી ૨૪૭૬ બાળકોને સંદર્ભ સેવા આપી હતી.

## ટેકાના ભાવે ૧૭૯૯૨ ખેડૂત પાસે મગફળીની ખરીદી થઇ

અમદાવાદ,તા. ૨૭

રાજ્ય સરકારે ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો ખેડૂત કલ્યાણલક્ષી નિર્ણય લીધો છે અને તારીખ ૧૫ થી ૨૭ નવેમ્બર સુધીમાં રાજ્યભરમાં ૧૭૯૯૨ ખેડૂતો પાસેથી ૧૮૦.૨૫ લાખની ૩૬૦૫૧૫ ક્વિન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરામાં આવી છે.

રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડના નાયબ જિલ્લા મેનેજરના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર દ્વારા ખરીફ સીઝન ૨૦૧૮-૧૯ માટે લઘુતમ ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે તા.૧૫/૧૧/૨૦૧૮થી ખરીદી શરૂ કરાઈ છે. મગફળીના ખરીદ કેન્દ્ર તરીકે જાહેર કરાયેલા રાજ્યભરના કુલ ૧૨૨ એપીએમસી સેન્ટર ખાતે સંબંધિત જિલ્લા કલેકટર દ્વારા તા. ૧લી નવેમ્બર-૨૦૧૮થી ટેકાના ભાવે ખેડૂતો પાસેથી મગફળી ખરીદવા માટે ખેડૂતોની નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ નોંધણીના ક્રમાનુસાર સરકારના નિયમ મુજબ રોજની ૨,૫૦૦ કિ.ગ્રા.ની મર્યાદામાં મગફળી લાવવા ખેડૂતોને એસએમએસથી જાણ કરવામાં આવી હતી. જેના કારણે જે તે વિસ્તારના ખેડૂતો જે તે વિસ્તારના એપીએમસી સેન્ટર ખાતે મગફળી વેચાણ માટે પહોંચ્યા હતા. આ પ્રક્રિયા અંતર્ગત તારીખ ૧૫/૧૧/૨૦૧૮ થી તા.૨૨/૧૧/૨૦૧૮ સુધીમાં રાજ્ય સરકારે નક્કી કરેલા લઘુતમ ટેકાના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૫,૦૦૦ મુજબ રાજ્યભરના ૧૭૯૯૨ ખેડૂતો પાસેથી કુલ ૧૮૦.૨૫ લાખની કુલ ૧૬૦૫૧૫ ક્વિન્ટલ મગફળી ખરીદવામાં આવી હતી. યાદીમાં જણાવ્યા મુજબ ખરીદ કેન્દ્રો ખાતે પૂરતી સંખ્યામાં બારદાન, વજનકાંટા તથા ખરીદી પ્રક્રિયા માટે પૂરતો સ્ટાફ ઉપલબ્ધ છે.



## મોડાસામાં ભીમ સૈનિકોએ સંવિધાન સ્વીકાર દિવસની ઉજવણી

મોડાસા શહેરમાં વસવાટ કરતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ સમાજના લોકોએ સોમવારે રાત્રીના સુમારે મોડાસા ચાર રસ્તા ખાતે આવેલા નગરપાલિકાના ટાઉનહોલ પરિસરમાં ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર પહેરાવી, જયભીમના નારા લાગવાની સાથે ફટાકડા ફોડી સંવિધાન સ્વીકાર દિવસની ઉજવણી કરી હતી. જેમાં મોટી સંખ્યામાં ભીમ સૈનિકો ઉપસ્થિત રહ્યા હતા. ઉજવણીમાં અરવલ્લી જીલ્લા યુવા સેવા સંગઠન અને ઉત્કર્ષ મંડળના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.


### કંપની સમાચાર

## શિયાળામાં રોગ પ્રતિકારક શક્તિ વધારવા ડાબર ચ્યવનપ્રાશનું જાગૃતતા અભિયાન

ભારતમાં શિયાળાની ઋતુની સૌ કોઈ આતુરતાથી પ્રતીક્ષા કરતા હોય છે પરંતુ આ સિઝન તેની સાથે શરદી અને કફ જેવી શ્વાસોચ્છવાસને લગતી અનેક બીમારીઓ પણ લાવે છે. શિયાળામાં આવા રોગો થવા સામાન્ય છે જે ઓછી રોગપ્રતિકારક શક્તિના લીધે થતા હોય છે. ચ્યવનપ્રાશ લગભગ ૩,૦૦૦ વર્ષ જૂનો અને ખૂબ જાણીતો આયુર્વેદિક નુસખો છે જે રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને શરદી તથા કફ જેવા રોજબરોજ થતા ચેપ સામે લડવામાં મદદ કરે છે. ડાબર ચ્યવનપ્રાશ અનેક રસાયણ ઔષધિઓ ધરાવે છે.

આવનારી પેઢીના આરોગ્યના જતન પ્રત્યે પોતાની સમર્પિતતાના ભાગરૂપે ડાબર ચ્યવનપ્રાશે આજે એક મોટી જાગૃતતા પહેલનો પ્રારંભ કર્યો હતો જેનો આશય દેશભરમાં સુવિધાઓથી વંચિત બાળકોના આરોગ્યને સુદૃઢ બનાવવાનો છે. આ પહેલ હેઠળ બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાસણીના ગોલ્ડ મેડલિસ્ટ એમડી (આયુર્વેદ) અને દિલ્હી સ્થિત સર ગંગારામ હોસ્પિટલના આયુર્વેદિક વિભાગના સિનિયર કન્સલ્ટન્ટ ડૉ. પરમેશ્વર અરોરાની સાથે મળીને ડાબર ચ્યવનપ્રાશ રોગપ્રતિકારક શક્તિ વધારવાના સેશન યોજશે અને બદલાતી ઋતુ, કોમન બેક્ટેરિયા તથા વાયરસ સામે લડવા માટે રોગપ્રતિકારક શક્તિ વધારવાની જરૂરિયાત વિશે બાળકોને માહિતી આપશે.

અમદાવાદમાં મેમનગર સ્થિત અંધ કન્યાઓ માટેની શાળા 'અંધકન્યા પ્રકાશ ગૃહ'ની ૨૦૦થી વધુ કન્યાઓને રોગપ્રતિકારક શક્તિ વધારવાની બાબતે જાગૃત કરવા વિશેષ સેશનના આયોજન સાથે આ પહેલનો પ્રારંભ થયો હતો. આ સેશનનો હેતુ શિયાળામાં થતી બીમારીઓ સામે લડવા માટે બાળકોમાં જાગૃતિ લાવવાનો છે.


### મધ્યપ્રદેશમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૨૭ સીટો પર પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. આમ આદમી પાર્ટીએ ૨૦૮ ઉમેદવારોને ટિકિટ આપી છે. સમાજવાદી પાર્ટી ૫૧ સીટો પર ચૂંટણી મેદાનમાં છે. પૂર્વ પ્રધાન અરૂણ યાજવ આ વખતે મુખ્યપ્રધાન શિવરાજ સિંહ ચોહાણની સામે ચૂંટણી મેદાનમાં છે. મધ્યપ્રદેશમાં ગઈકાલે સોમવારના દિવસે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો હતો. મધ્યપ્રદેશમાં ભાજપ અને કોંગ્રેસે તમામ તાકાત લગાવી દીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મધ્યપ્રદેશમાં ઝંઝાવતી પ્રચાર કર્યો હતો. તમામ રાજકીય પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી હતી. મધ્યપ્રદેશમાં ૨૩૦ સભ્યોની વિધાનસભા છે . ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત અન્ય રાજકીય પક્ષોએ પણ પુરતી તાકાત લગાવી હતી. ચૂંટણી પ્રચાર દરમિયાન આ વખતે અનેક સંવેદનશીલ મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા. મધ્યપ્રદેશમાં શાસનવિરોધી પરિબળો મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ સામે તકલીફ ઉભી કરી શકે છે. છેલ્લા ત્રણ અવધિથી શિવરાજસિંહ છે આવી સ્થિતિમાં કોંગ્રેસની સ્થિતિ સારી દેખાઈ રહી છે.

મધ્યપ્રદેશ અને મિઝોરમમાં એક જ તબક્કામાં બુધવારના દિવસે મતદાન થયા બાદ રાજસ્થાન અને તેલંગાણામાં મતદાન થશે. આ બંને રાજ્યોમાં ૭મી ડિસેમ્બરના દિવસે મતદાન થશે. રાજસ્થાનમાં ૨૦૦ અને તેલંગાણામાં ૧૧૯ વિધાનસભા સીટો માટે મતદાન થશે. તમામ પાંચ રાજ્યોની મતગણતરીની પ્રક્રિયા ૧૧મી ડિસેમ્બરના દિવસે યોજાશે. રાજસ્થાનમાં વડાપ્રધાન મોદીએ આજે ભીલવાડામાં સભા યોજી હતી. મોડેથી તેઓ અન્યત્ર પણ સભા કરનાર છે. રાહુલ ગાંધીએ આજે અજમેર તથા પોખરણમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો.મધ્યપ્રદેશની ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ પાર્ટી માટે ખુબ જ પ્રતિષ્ઠિત બની ગઈ છે.

### વચન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી રહ્યો છે. બાળકોને ભણાવવા માટે સહાયતા ઉપરાંત વૃદ્ધ લોકોને પેન્શન અને આરોગ્ય વિમા યોજનાનો લાભ આપવામાં આવશે. રાજેએ શિક્ષણ અને રોજગારને લઈને કહ્યું હતું કે, શિક્ષામાં રાજસ્થાન ૨૬માં નંબરે હતું. આજે દેશમાં બીજા નંબર ઉપર છે. પાંચ વર્ષમાં આશરે ૧૩ લાખ લોકો સરકારી સ્કુલમાં પરત ફર્યા છે. પાંચ વર્ષમાં સાત મેડિકલ કોલેજ અને બે કૌશલ્ય વિકાસ કેન્દ્રોખોલવામાં આવ્યા છે. ૧૧૦૦ આઈઆઈટી આ પાંચ વર્ષોમાં ખોલવામાં આવ્યા છે. તમામ ક્ષેત્રોમાં વિકાસ થયો છે. શિક્ષાને અમારી સરકારે હંમેશા પ્રાથમિકતા આપી છે. ભામાશા યોજનાના આરોગ્ય લાભ પણ કરોડો લોકોને મળ્યા છે. ખેડૂતોને મળી રહેલા લાભની માહિતી આપતા રાજેએ કહ્યું હતું કે, ખેડૂતો માટે ૫૦૦૦૦ રૂપિયાની લોન માફી કરવામાં આવી છે જેનો લાભ આશરે ૩૦ લાખ ખેડૂતોને મળ્યો છે. ખેડૂતોના પંપના બિલને ઓછું કરવાનું કામ કરાયું છે. આના ઉપર ૧૦૦૦૦ સુધીની સબસિડી આપવામાં આવી છે. કોઈ દુર્ઘટનાની સ્થિતિમાં ખેડૂતોને મળનાર હજુ સુધીના ૫૦૦૦૦ રૂપિયાના વિમાની રકમને ભાજપે સરકારે ૧૦ લાખ સુધી કરી દીધી છે. રાજસ્થાનના મૂળભૂત માળખાને મજબૂત ગણાવતા કહ્યું હતું કે, રાજ્યમાં માર્ગો અને વિજળી પાણીના મુદ્દા ઉપર ખુબ કામ થયું છે. પાંચ હજાર કરોડ રૂપિયા રાજસ્થાન કેનાલ યોજના ઉપર મુકવામાં આવ્યા છે. ઈસ્ટર્ન કેનાલ ઉપર પણ કામ કરવામાં આવ્યુંછે. જેના લીધે અલવર સુધી પાણી પહોંચશે. ૧૩ જિલ્લાઓને આનો લાભ મળશે. સરકારે ૧૫ લાખ યુવાનોને રોજગારી આપી છે. સાથે સાથે ૪૨ લાખ લોકોને રોજગારીની તક પણ આપવામાં આવી છે. ભવિષ્યની યોજના કેવી રહેશે તના ઉપર વાત કરતા વસુંધરાએ કે, રાજસ્થાનના દરેક જિલ્લામાં એક યોગ ભવન બનાવવામાં આવશે. રોજગાર સંબંધી કેન્દ્ર બનાવવામાં આવશે.

### સ્પર્ધા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરપ્રદેશ અને બિહારનું વિભાજન કર્યુ હતું. છ રાજ્યો બનાવવામાં આવ્યા હતા. આ તમામ છ રાજ્યો ઝડપથી વિકાસ કરી રહ્યા છે. તેમની વચ્ચે કોઈપણ લડાઈ નથી. રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવ પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, ટીઆરએસ સરકારે તેલંગાણાને બરબાદ કરી દીધું છે. કારણ બિલકુલ સામાન્ય છે. ટીઆરએસ સરકાર પણ એજ પગલા ઉપર આગળ વધી હતી જે વિભાજનથી પહેલા સરકારમાં હતી. મોદીએ કહ્યું હતું કે, કેન્દ્રમાં કોંગ્રેસના ૭૦ વર્ષ અને ટીઆરએસના પાંચ વર્ષ રાજ્યમાં એવી સ્થિતિ માટે જવાબદાર છે જે સ્થિતિ આજે સર્જાઈ છે. તેલંગાણાના મુખ્યમંત્રીએ ગરીબોને ઘર આપવાનું વચન આપ્યું હતું પરંતુ એ વચનમાં કોઈ દમ દેખાતું નથી. ઘર કઈ જગ્યાએ દેખાતા નથી. ચંદ્રશેખર રાવે કહ્યું હતું કે, તેઓ નિઝામાબાદને લંડન બનાવી દેશે પરંતુ અહીંની સ્થિતિ જોતા આવું લાગતું નથી. આ ક્ષેત્રમાં વિકાસ થયો નથી. રાવ પાંચ વર્ષ લંડનમાં રહીને આવે તો જ તેમને લંડન શહેરની ખુબસુરતી અંગે માહિતી મળશે.

### સિંહઘર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરોડનો પ્રોજેકટ અમલી બનાવાયો છે. જે અંતર્ગત નવા પાંચ સફારી પાર્કનુ પણ નિર્માણ કરવામાં આવશે. વન વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ગુપ્તાએ જણાંવ્યુ હતુ કે આ પાર્ક ૨૫ વર્ષ જુનો છે. પ્રકૃતિ પ્રેમીઆની લાગણીને ધ્યાને લઈ આ સિંહદર્શન માટેનુ આયોજન કરાયુ છે. ઈન્દ્રોડા પાર્ક ખાતે ગ્રીવા સિંહણ લવાઈ છે. તેનો જન્મ જુનાગઢના સક્કરબાગમાં થયો હતો. જયારે સુત્રાપાડામાંથી સિંહ લવાયો છે. જેથી તેનુ નામ સુપ્રા રાખવામાં આવ્યુ છે. આ પ્રસંગે મુખ્ય વન સંરક્ષક જી કે સિંહા, ડિ કે શર્મા અક્ષય સકસેના સહીત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પરીક્ષા આપશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી રવિવારે યોજાનારી આ લોકરક્ષકની પરીક્ષાને અનુલક્ષી આજે જિલ્લાન સ્થળ સંચાલકો તેમજ સરકારી પ્રતિનિધિઓની બેઠક પણ યોજવામાં આવી હતી. જિલ્લાના ૯૦ કેન્દ્રો પર પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ગાંધીનગર જિલ્લામાંથી ૨૮૦૨૦ જેટલા ઉમેદવારો આ પરીક્ષા આપશે. પરીક્ષાને અનુલક્ષી બાયોમેટ્રીકની કામગીરી માટે જવાબદાર એજન્સીને કામ સોંપી દેવામાં આવ્યુ છે. પરીક્ષાના દિવસે બપોરે ૧૨ કલાકે ઉમેદવારોના બાયોમેટ્રીકની કામગીરી હાથ ધરાશે. જયારે ત્યારબાદ બપોરે ૨ : ૪૫ કલાકે ઉમેદવારોએ વર્ગ ખંડમાં હાજરી આપવાની રહેશે. લોકરક્ષકની પરીક્ષા એક કલાકની રહેશે.